આત્માનો પોકાર.

જેમાં

પાક દાદાર અહુરમજદના ૧૦૧ નામોની સીફાયત.

છપાવી પ્રસિધ્ધ કરનાર,

"જેહાંબર"

તે,

જેહાંગીર બરજોરજી સોહરાબજી છાપગર.

બોટાવાળા બીલ્ડીંગ, નં. ૭-૧૦, એલફીન્સટન સરકલ, કોટ, મુંબઈ.

ઇસ્વી સને ૧૯૪૧

આવૃતિ પહેલી.

કિંમત રૂા. ૦ાા.

આત્માનો પોકાર.

જેમાં

પાક દાદાર અહુરમઝદના ૧૦૧ નામોની

સીફાયત.

છપાવી પ્રસિધ્ધ કરનાર,

"જેહાંબર"

તે,

જેહાંગીર બરજોરજી સોહરાબજી છાપગર.

ઓટાવાળા બીલ્ડીંગ, નં. ૭-૧૦, એલફીન્સ્ટન સરકલ, કોટ, મુંબઈ.

ઈસ્વી સને ૧૯૪૧

આવૃત્તિ પહેલી

કિંમત રૂા. ૦॥.

અર્પણ પત્રિકા.

મરહુમ શેઠ સોહરાબ ફરામજી ભરૂચા.

એ. આર. આઇ. બી. એ; આરકીટેકટ, એન્જીન્યર અને સરવેઅર.

જનમ:—તા. ૩૧મી અકટોબર ૧૮૭૭. **મરણ:**—તા.૮મી અપ્રીલ ૧૯૨૮.

એક સાચ્ચા જરથોસ્તી, દીલઓઝ, ફ્રીમેસન, આરકીટેકટ, ગરીબોની દાઝ હૈડે ધરનાર, મેહનતુ, અને સર્વે સાથે ભલાઇ કરનાર, ઉલતમંદ, અને કોઇબી કામમાં ફતેહ મેળવ્યા વગર પાછળ ન હઠનાર, એવા એક નેક અને અશો નરની આ ફાની જેહાંન એકાએક છોડી જવાથી તેમની ભલી અને અશો યાદમાં એવોના મ્હોટા આભાર અને હેશાન સાથે આ નાનું પુસ્તક અર્પણ કરૂં છું.

સેવક,

'જેહાંબર' તે,

જેહાંગીર બરજોરજી સો. છાપગર.

મુંબઇ, તા. ૮મી એપ્રીલ ૧૯૪૧.

પ્રસ્તાવના

મહેરબાન વાંચકો જોગ,

જત આ ટકે પાકદાદાર અહુરમઝદના શુક્રાના કરી તેનો તેમજ વાંચક વર્ગનો હું ઉપકાર માનું છું, અને આ મ્હારૂં નાનું પુસ્તક તેમની સેવામાં રજુ કરતાં મને ખુશાળી ઉપજે છે.

વાંચનાર સનમુખ મ્હારી ઓળખાણ કરવાની જરૂર જોતો નથી કારણ કે આ અગાઉ મારાં "જેહાંબર"ના તખલ્લુસ હેઠળ માસીક તેમજ અઠવાડીક પત્રોમાં અવાર નવાર લખાણો આવ્યાં છે. જે વાંચકોને અનજાણ હશે નહિ એમ હું ધારૂં છું. મારા ખેરખાહ દોસ્તો અને વાંચનારાઓના ચાલુ આગ્રહને માન આપી આ મ્હારૂં પહેલ વહેલું પુસ્તક પ્રગટ કર્યું છે, જેમાં કાંઇ ખામી અગર ભુલભાળ હોય તો તે સુધારી વાંચવાની વિનંતી કરૂં છું.

ગાયન તેમજ બેતબાજી જોડવાનો મુજને નાહનપણથીજ શોખ હતો, અને હું અવાર નવાર જાણીતા લેખકોના લખાણ અને ગાયનો વાંચતો હતો. સાલ ૧૯૧૧ માં ખુદરતી મને પ્રેરણા મળવાથી એક પછી એક ઘણાંક લખાણો તેમજ ગાયનો જોડી, તથા સીનેમા તે વખતે જોઇ તેનો પ્લોટ બેતબાજીમાં રચ્યો હતો. ઇસવી સન ૧૯૧૬ માં સંજાણમાં થયલા પેહલ વેહલાં જશન વિષેનો બેત-બાજીમાં હેવાળ મરહુમ ભાઈ રૂસ્તમજી પેશતનજી કરકરીઆની ખાહેશથી જોડી તેઓને તે આપ્યો હતો. એવાં અનેક લખાણો મારી પાસે પ્રગટ કરવાનાં રહેલાં છે, અને ખુદાનું ચાહવું હશે અને વાંચક વર્ગની ખાહેશ હશે તો તે બધાં એક પુસ્તકદ્વારા હવે પછી પ્રગટ કરીશ.

આ પુસ્તક રચવાની પ્રેરણા એટલીજ મને થઇ કે મરહુમ સાએર ઉમર ખ્યામે લગભગ ૯૦૦ વર્ષોની વાતોની યાદ પોતાના

રૂબાયતમાં લખી છે તો મુજને પણ ઉમેદ થઇ કે મારે આજના જમાનાની થોડી ઘણી હકીકતો ભવિષ્ય માટે પુસ્તકદ્વારા પ્રગટ કરવી, અને તેમાં પાક પરવરદેગારનાં ઝંદ અવસ્તામાં આવતા **૧૦૧** નામોની સીફાયત લાવણીના અથવા બેતબાજીના આકારમાં તે માલીકની મેહરબાનીથી જોડી પ્રગટ કરી છે અને ઉમેદ છે કે તે જરથોસ્તી વાંચનારને બંદગી કરવા પછી મોનાજાત તરીકે ઉપયોગી થઈ પડશે. અગર ગાવાની રાહ ન સમજ પડે તો આ લેખકને ગાડીભાડું આપવે ઘેર બેઠાં સમજાવી જશે.

આ મ્હારૂં પુસ્તક મરહુમ શેઠ સોહરાબ ફરામજી ભરૂચાની અશો યાદમાં અર્પણ કર્યું છે કે જેઓ એક ખરા પરગજુ ગરીબોના બેલી, અને છુપી સખાવત કરનાર મીલનસાર, દયાળુ જીગર ધરાવનાર એક સાચ્ચા જરથોસ્તી, ફ્રીમેશન, આરકીટેકટ, હતા. અને આ અદના સેવક એવોના સમાગમમાં દરરોજ લગભગ ૧૪ વર્ષો સુધી એવોની જીંદગી પર્યંત આવ્યો હતો. અને એવો ગરીબોની દાઝ હૈડે ધરનાર અને કદીબી એવોને દ્વારે આવેલા આસામીને ખાલી હાથે પાછો ન ફેરવનાર અને એવી અનેક છુપી સખાવતો જાત કે પરજાત વચ્ચે કરનારની ભલી અને અશો યાદ સદા યાદગાર રહી ગઇ છે.

વળી એવોએ મારા મરહુમ બપાવા સોહરાબજી હોરમસજી છાપગર કે જેઓ તા. ૭–૨–૧૮૯૫માં બેહસ્તનશીન થયા હતા, અને એવોએ આપણા પારસીઓમાં લગન પ્રસંગના ગરબા ગીતોની ચોપડીઓ પ્રગટ કરી હતી. અને આશરે ૧૯૨૭ના સાલમાં પુરાણા પારસી કવિઓની હકીકતોની હારમાળા ભાઇ જેહાંબક્ષ બ. વાચ્છાએ "કયસરે–હિંદ" અઠવાડીકમાં પ્રગટ કરી હતી. અને તેમાં જણાવવામાં આવ્યું હતું કે એવોની પ્રગટ કરેલી ગીત ગરબાઓની ચોપડીઓ જે કમયાબ થઇ ગઇ છે. અને તે મરહુમ સોહરાબજી છાપગરના કોઇ વારેસ છપાવી પ્રગટ કરે, એવી ખાહેશ કરી હતી. એ ઉપર મુજનું ધ્યાન મરહુમ શેઠ સોહરાબજી ભરૂચાએ ખેંચ્યું હતું. અને પુસ્તકદ્વારા એવોની ગાયનોની ચોપડીઓ પ્રગટ કરવા માટે

મુજને નાણુાંની મદદ કરવા કબુલ્યુ' હતું, અને તે વખતે મરહુમ એરચશાહ હીરજીબેહદીનને જાતે મળી મને કહેવા મોકલ્યો હતો, કે એ કામ મેં હાથ ધર્યું હતું. પણ કમનસીબે થોડું કામ થયા પછી તા. ૮મી એપ્રીલ ૧૯૨૮ને દીને મરહુમ શેઠ સોહરાબ ભરૂચાના એકાએક આ ફાની જેહાંન છોડી જવાથી તે અધુરૂં રહયું હતું. જે એવોના મરણુ બાદ સંપુર્ણ કર્યું હતું. અને દીલગીર છું કે એવોની મદદ વગર છપાવવાનું તે કામ હજી સુધી અટકી પડયું છે. હવે પછી એવોના ખેશીની યા કોઇ એવોના ભલા મીત્રની જો મુજને મદદ મળશે તો મરહુમ શેઠ સોહરાબ ભરૂચાની ભલી ખાહેશ પાર પડશે.

એવો મરહુમ આ ફાની દુન્યામાંથી ગુજર પામવાને જો કે લગભગ ૧૩મુ વર્ષ તા. ૮મી એપ્રીલ ૧૯૪૧માં બેઠું છે તોબી એવોની ભલી યાદ આ અદના સેવકથી અને એવોના સમાગમમાં દરરોજ આવેલા દોસ્તો, સ્નેહીઓ અને કુટુંબીઓથી ભુલાશે નહિ. એવા એક ભલા અશો નરની નેક યાદમાં આ પુસ્તક અર્પણ કર્યું છે, કે જેઓનું અશો ફરોહર બેહસ્તમાં શરોષ યઝદ અને તેત્રીસે ફરેસ્તાઓની પનાહમાં એવોના માર્ગમાં આગળ અને આગળ વધે. અને ગરોથમાન બેહસ્તનું સુખ પામે! એવી દુવા બંદગી ગુજારતો,

હું છું સેવક,

"જેહાંબર" તે,

જેહાંગીર બરજોરજી સો. છાપગર.

મુંબઈ તા. ૮મી એપ્રીલ ૧૯૪૧

શ્રી પાક દાદાર અહુરમઝદની મદદ હોજો.

દાદાર અહુરમઝદના ૧૦૧ નામોની સીફતમાં

લેખક:—**જેહાંબર**

(બેતબાજીમાં અથવા લાવણીના રાગમાં લાંબે સાદે ગાવું)

(૧)

તમો તો "[૧]સેતાયશ કરવા લાયક" છો, "[૨]સર્વે શકિતમાન" વળી,
"[૩]સર્વે ગ્નાની," તમો "[૪]સર્વેના સાહેબ," "[૫]શરૂઆત વગરના" તમો;
જેનો "[૬]છેડોજ નહિ," "[૭]સર્વે મુળોના મુળ" છો તમો,
છો તમો "[૮]પુછવા લાયક," ને "[૯]સર્વે કારણોના કર્તા" વળી.

(૨)

બુલંદમાં "[૧૦]વધારે બુલંદ," સર્વે "[૧૧]પાકીનું તમો મુળ છો,"
"[૧૨]દરેકથી અળગ," વળી "[૧૩]બધા સાથે સંબંધ રાખનાર" છો.
તમો તો "[૧૪]કોઇથી પામી શકાય ન તેવા," પણ તમો તો
"[૧૫]સર્વેને પામી જાવો" છો;
કેવા તમો "[૧૬]પ્યારા, આદરમાનવાળા" "[૧૭]બધાંને પકડી રાખો છો?"

(૩)

"[૧૮]સબબ વગરના" વળી તમે, "[૧૯]કારણોના કારણો" છો,
"[૨૦]વૃધ્ધિના કરનાર" તમો સાહેબ, "[૨૧]જયાદતી આપનાર" છો;
હમો "[૨૨]બધાંને પોંહચી વળનારા," તમો "[૨૩]સર્વેના પોષણ કરનાર" વળી,
રાત દીન હમોને "[૨૪]પાસબાનીના કરનાર" તમે છો.

નોટઃ—પાક દાદાર અહુરમઝદના ૧૦૧ નામોઃ—

૧	યઝદ	૨	હરવેસ્પતવાંન	૩	હરવેસ્પ આગાહ
૪	હરવેસ્પ ખુદા	૫	અબદેહ	૬	અબ અનજામ
૭	બુનેશતહ	૮	ફરાક્ષતનહ	૯	ચમગ
૧૦	પરજતરહ	૧૧	તુમઅફીજેહ	૧૨	અબરવંદ
૧૩	પરવંદા	૧૪	અનઅયાફેહ	૧૫	હમ અયાફેહ
૧૬	આદરો	૧૭	ગીરા	૧૮	અચેમ
૧૯	ચમના	૨૦	સફના	૨૧	અફજા
૨૨	નાશા	૨૩	પરવરા	૨૪	યાનેહ

(૪)

વળી સર્વે ચીજોને "[25]આકારોના આપનાર," "[26]આકાર વગરના" છો તમે,
મકકમતા તમારી "[27]દ્રઢમાં દ્રઢ," વળી "[28]સૌથી અણુદીઠ" છો;
"[29]પરવરેશ કરનારા" તમો હમોને, ને "[30]સર્વેમાં સર્વે તમો" છો,
તો "[31]શુક્રાના કર્યે તમો જોવા લાયક" ના સદા હમે.

(૫)

હમો "[32]સર્વેની આશા તમો ઉપર" છે ને "[33]ભલું ખોરેહ રાખનાર" છો,
"[34]દુ:ખથી દફે કરનાર," ને "[35]ખરાબીને તોડનાર" છો તમો;
"[36]અમર્ગ છો," અને "[37]આગળ વધનાર" બી છો તમો,
"[38]બારીક તપાસબી કરનાર" તમો, કેવા "[39]મેહરબાન" છો ?

(૬)

માલીક તમો "[40]બક્ષો છો" મેહરબાની, "[41]ઘણાંજ બુલંદ" છો,
કોઇથી "[42]આજેજ ન થાય તેવા,"ને "[43]આશાએશથી નીરાળા છો;
"[44]ખરાબીથી બચાવનાર" તમે, "[45]નહિ ઠગનાર" વળી;
"[46]નહિ ઠગાનાર" તમે, ને "[47]કપટ વગરના" તમે છો.

(૭)

તમો તો "[48]સાહેબીની" અને "[49]ફરમાનની ખાહેશવાલા" છો,
"[50]વગર શરીકના અક્કિયતા"ને "[51]ન ભુલી જનાર તમે;
વળી "[52]શુમારના કરનારા"ને કેવા "[53] પીછાણને લાયક" છો,
"[54]બીક વગરના," અને "[55]દુ:ખ વગરના" તમે છો.

---

૨૫ આઈન-આઇનેહ	૨૬ અન આઇનેહ	૨૭ ખરેશીદતુમ
૨૮ મીનોતુમ	૨૯ વાસના	૩૦ હરવસતુન
૩૧ હુસેપાસ	૩૨ હરહીમીદ	૩૩ હરનીકફરેહ
૩૪ બેશતરના	૩૫ તરોનીશ	૩૬ અનોશક
૩૭ ફરશક	૩૮ પજોહદેહ	૩૯ ખાફરા
૪૦ અવખશાએઆ	૪૧ અબરજા	૪૨ અસેતોહ
૪૩ રખોહ	૪૪ વરૂન	૪૫ અફરેફહ
૪૬ બેફરેફતહ	૪૭ અદવી	૪૮ કામરદ
૪૯ ફરમાન કામ	૫૦ આયેખતન	૫૧ અફરમોશ
૫૨ હમારના	૫૩ શનાએયા	૫૪ અતરસ
૫૫ અબેશ		

(૮)

તમો વળી "[૫૬]ઘણુંજ બુલંદ," ને "[૫૭]હમેશ એકસરખા" છો,
"[૫૮]મીનોઈ જેહાંનના પેદા કરનાર, ને "[૫૯]ગેતીના પેદા કરનાર" છો;
"[૬૦]મીનોઈમાં છુપાયલા" તમે, ને "[૬૧]આતશની હવાના કરનાર" વળી,
"[૬૨]આતશનું પાણી કરનાર," ને "[૬૩]હવાનો આતશ કરો છો.

(૯)

વળી "[૬૪]હવાનું પાણીબી કરો" તમે," ને "[૬૫]હવાને ખાકબી કરો,
"[૬૬]હવાને ખાકમાંથી પેદાના કરનાર," "[૬૭]આતશને જવાહીર બનાવો" કંઈ;
"[૬૮]હવામાં ગર્જના કરી એકસરખી હવા રાખો" તમે, ને "[૬૯]પાણીનું મુળ-
પેદા કરનાર" છો,
"[૭૦]ખાકને આતશ બનાવનાર," ને "[૭૧]ખાકની હવા તમે" કરો.

(૧૦)

વળી "[૭૨]ખાકનું પાણીબી કરો," ઓ! "[૭૩]કારીગરના કારીગર,"
"[૭૪]મુરાદો સર્વેની બક્ષનાર" છો, ને "[૭૫]ઇન્સાનને તેના કાર્ય સાથે પેદા"
કરનાર વળી;
"[૭૬]માણુસો, ગોસ્પંદો," ને "[૭૭]ચારે †અનાસરોને બનાવ્યા" તમે,
ને "[૭૮]સેતારાઓને આસ્માન ઉપર પેદા કીધા" કેવા તમે?

(૧૧)

તમો વળી "[૭૯]બેશકક," "[૮૦]જમાના"ને "[૮૧]ઉંઘ વગરના" છો,
કેવા "[૮૨]હુસ્યાર ને ખબરદાર," ને "[૮૩]વૃધ્ધિના કરનાર" છો.
"[૮૪]મીજાન રાખનાર," "[૮૫]ફ્-તેહમંદ"ને "[૮૬]સૃષ્ટીના ઓ! સાહેબ,"
"[૮૭]અહુરમઝદ," તમે "[૮૮]હદ વગરના જમાનાની પેદાયશો પર"
શકિતવાન છો.

---

† ખાક, પાણી, આતશ ને પવન એ ચાર અનાસરો કહેવાય છે.

૫૬	અફ્રાજદુમ	૫૭	હમચુન		
૫૮	મીનોસ્તીગર	૫૯	અમીનોગર	૬૦	મીનો નહબ
૬૧	આદર બાદગર	૬૨	આદર નમગર	૬૩	બાદ આદરગર
૬૪	બાદ નમગર	૬૫	બાદ ગેલગર	૬૬	બાદ ગેરદતુમ
૬૭	આદર કીબરીતતુમ	૬૮	બાદ ગરજાયે	૬૯	આબ તુમ
૭૦	ગેલ આદરગર	૭૧	ગેલ વાદગર	૭૨	ગેલ નમગર
૭૩	ગરગર	૭૪	ગરઓગર	૭૫	ગરઆગર
૭૬	ગરઆગરગર	૭૭	અગરાગર	૭૮	અગરા ગર ગર
૭૯	અગુમાંન	૮૦	અજમાંન	૮૧	અખુઆંન
૮૨	અમસત	૮૩	ફ્શુતના	૮૪	પદમાંની
૮૫	પીરોજગર	૮૬	ખુદાવંદ	૮૭	અહુરમઝદ
૮૮	અબરીન કુહનતવાંન				

(૧૨)

“[૮૯]હદ વગરના જમાનાથી ફરી ફરી પેદાયશો કરી” તમે,
“[૯૦]સઘળાં ઉપર ફ્તેહ મેળવી,” “[૯૧]તમામ લાવી આપનાર” છો;
ઓ! “[૯૨]મેહરબાંન,” “[૯૩]હસ્તિના સાહેબ,” “[૯૪]મારી બક્ષનાર” છો,
સર્વેને “[૯૫]પેદા કરનારા,” તમે, કેવા “[૯૬]ઝલકાટ”ને “[૯૭]ખોરેહથી
ભરપુર” છો તમે. !

(૧૩)

“[૯૮]ઇન્સાફ”ને “[૯૯]સવાબના આપનાર” સાહેબ છો તમે,
વળી “[૧૦૦]છુટકારો હમારો કરનાર,” ને “[૧૦૧]ફ્રશો ગર્દ કરનાર” તમે,
રેહમ હમારી ઉપર તમો લાવીને મેહરબાની કરજે કંઈ;
મીઠી તમારી મોહબતનું જામ હમોને તો પીવા ગમે.

ખુદાની સીફતમાં

ગઝલ.

લેખકઃ—**જેહાંબર**

ખુદરતના ખાવિંદ ઓ! દયાલુ ખુદા!
મેહર ત્હારી લંબાવજે મુજ પર સદા.
તું માલેકનો ઉપકારી હું થયો છું બહુ,
કેમ એ હેશાનનું કરજ કરશ હું અદા?
ત્હારી શકિત છે સર્વેમાં ઘણી બળવંત,
નમે તુજને તવંગર ને વળી ગદા.

નીમક, પાણી, રજખરોજી આપે એકશાં,
હોય કો' મેહળમાં, યા બેઠો હોય કો' ખુણા.
છે અદભુત ત્હારી શકિતનો એ સર્વે ખેલ,
જ્યાં નજર કરૂં ત્યાં મળે ખુદરતના મુદા.
નમે “જેહાંબર” બંદો ત્હારો-નમાવી શર,
કબુલ જે બંદગી મુજની, રહું તુજપર ફીદા.

---

૮૯ અબરીન નોતવાંન ૯૦ વસપાંન
૯૧ વસપાર ૯૨ ખાવર ૯૩ અહુ
૯૪ અવક્ષીદાર ૯૫ દાદાર ૯૬ રાયોમંદ
૯૭ ખોરેહમંદ ૯૮ દાવર ૯૯ કેરફેગર
૧૦૦ બોખતાર ૧૦૧ ફ્રશો ગર્દ

આત્માનો પોકાર.

લેખક :—"જેહાંબાર."

(લાવણીના રાગમાં લાંબા સાદે ગાવું)

(૧)

એક દીને ખ્વાબમાં મેં સમજ્યો કંઈ પોકાર,
"આવ્યે છીએ હમો હસ્તિમાંથી નિસ્તીમાં યાર!
કબુલાતો આપી હમે, તે ખુદાને કરવા સારા કામ,
ફેરો સફળ કરવા, આ વિશ્વમાં કર્યે મુકામ."

(૨)

દિવસ એક ભાગ્યતણો, યા દિવસ અભાગ્યો ગણો,
જન્મ લીધો આ આત્માએ આ અવનીમાં.
માવતરની મોહબતની સંદુકમાંથી કાંઈ હમે,
રડતાં રડતાં નિકળ્યાં આ અવનીમાં.

(૩)

હમો રડયે, ને હસે કોઈ હમોને જોઈ ઘડી ઘડી,
અંતરનું હૃદય તેમનું હરખાએ જોઈ હમોને;
ખોળી મોહબતનો સીસો, માવતર હમોને,
છાટીએ લગાડી તેણીના બે પ્યાલીથી પી જઇયે.

(૪)

ભર સાકી તું મોહબતનું જામ ભર તુ હવે,
આ વિશ્વમાં તો શ્વાસ લેવા હમો આવ્યા;
ને દમેદમ શ્વાસ લઈ, આખર છોડી જશું,
કબુલાતો આપેલી કાંઈ પુરી કરશું હમે.

(૫)

એમ કરતા ગયો એક દાયકો, ને નવું નવું લાગે સૌ,
કો' રહયો રંક ને ત્યાં, ને કો' કરે મજાહ રાયને ત્યાં બહુ;
પણ મને તો સાકી, મોહબતનું †જામ પીવા દે,
જ્યાં સુધી આ શ્વાસ છે, ત્યાં સુધી તું લેવા દે,

---

† ખુદાની બંદગી.

(૬)

તું ઉઠ ને ભાઈ, જરા મારી મદદે તું આવજે,
હમો તો છીએ અંજાણ્, ને તું જાણીતો ઘણો;
હમારા દેહના દુઃખ જે હોય તે તું નીવાડજે,
શીસો મોહબતનો ભરી દે, પી જાવું હું હવે.

(૭)

આશા કંઈ કંઈ આ હૃદયમાં ઉછળી દી' જેમ જતો ગયો,
તેમ તેમ અનુભવ આ અવનીનો હમને મળતો ગયો.
જેઓ આવ્યા મોડા તેઓ તો વહેલા અહિંથી ગયા,
કોઈ મોહટા ને કોઈ નાહના, સર્વે ચાલી ગયા.

(૮)

ફીકર ચીંતાએ ઘર ઘાલ્યું આ બાળ ને બુઝોર્ગી સમે,
પણ મ્હને તો ભલા §મોહબતનો શીસોજ ગમે.
જે થવું હોય તે થાય, ફીકર શું કર્યે હવે ?
એક મીઠડી મોહબતનું જામ, તું મુજને પાઈ લેએ.

(૯)

આ વખત વીતી જાએ છે, ને કાળ આવે જો નજદીક,
મોહ, માયામાં, આ જીવ લપટાઈ, રાખે છે કાળનીજ બીક.
તુ ભાઈ સોચે છે શું કરવા ? જો હોય મોહોત નજીક,
તો ભરીને પી લેએ, એ મોહબતનું જામ ખચ્ચીત.

(૧૦)

જેમ તેમ મોટા થયા, રંકને ઘેર રહી હમે,
સુખ દુઃખની વેદના ખમી, કિસ્મતે જે લખાઈ તે.
પણ નથી ભુલ્યા મોહબતનો શીસો, રાતદી' પીધો હમે,
માલીક, એ છે ખુબી ત્હારી, સૌ કર્મે લખી તેં.

(૧૧)

સબબ શોધ્યો એ દુઃખતણો, પણ ભેદ મુજને મળતો નથી,
આ દુન્યાની ઘંટી પીસાએ છે, અવાજ તેનો થતો નથી;
પણ મ્હને તો માશુક §મોહબતનું જામ પીવાડી દેએ,
જશે આ જીવ મારો, તો કોઈ પીવાડશે નહિ.

---

§ખુદાની બંદગી.

(૧૨)

મુજના મરણ સમે મોહબ્બતના પાણીથી નહવડાવજો,
ને ગાથાના હા ગાઈ, મુજને દોખ્મેનશીન કરજો;
જો કોઇને કો' દી' મુજની જરૂર પડે કદી,
તો એક મીઠડી મોહબ્બતનું જામ ભરી–મુજને યાદ કરજો.

(૧૩)

અહિં આવ્યા પછી આપેલી કબુલાતો તો ભુલાઈ ગઈ,
કામ, ક્રોધ, લોભ, મોહ, મદને મત્સરમાં તો ગયા લપટાઈ.
માલેક હમોને રસ્તો નેક દેખાડી બાહર કાઢજો કંઈ,
આ વિશ્વની જંજાળમાં, ફસ્યા છીએ હમો અહિં.

(૧૪)

કંઈકો આ અવનીમાં મોજ મજાહ ઘણી ભાળે,
કંઈકો ગરીબોને નીંચવી, ભપકા મોટા કરે;
કોઈ રંક બીચારા તો રોટલી માટે રળવળે.
ને કોઈ રાયને ત્યાં તો અન્ન ફાળતુ રવડે.

(૧૫)

આ અવનીમાં ગુણી જનો ઘણાં દીલથી અકળાય છે.
ને દુર્ગુણીઓ કાંઈ દુર્ગુણોમાં ઘણા ફાવી જાય છે.
માલેક, એ છે શું ભેદ? તે સમજ પડતો નથી.
તું ભેદનો પડદો મુજતણે કંઈ ખોળી દેએ.

(૧૬)

મોહબ્બત મારી લુંટી લઇને, જીગરથી માર્યું તુંએ તાળું,
કુંચી રાખી તારી પાસે, જરા તો ખુલ દેએ વારૂં?
મોહબ્બતના શીસામાંથી ત્હેં રેડીને ભર્યું પ્યાલું,
છળાછળ ભર્યું તુંએ, જરા તો પીવા દેએ વારૂં?

(૧૭)

રોશન કીધો તુંએ દીલથી પ્યારનો આતસ દીલે મારા,
બળશે તે કાયમ સુધી, કેમ બુઝવા દું તેને વારૂં?
શરમીંદો છું ત્હારી આગળ ઝુંકાવીને મારૂં શર,
ભાર ત્હારી મોહબ્બતનો, કેમ ઉઠાવું ન દીલથી વારૂં?

(૧૮)

જોયો ત્હારો દીદાર મીઠડો, હોશ ગયો મારો ઉડી,
ચર્ણે પડું હું ત્હારા, ભુલી જાવું કેમ તુને વારૂં?
બંદો ત્હારો નમાવે શીર, રહીને ત્હારી પનાહમાં,
કરી કબુલ બંદગી તેની, આશરામાં લેએ ત્હારી વારૂં?

(૧૯)

ભેદ મ્હારો જો છુપ્યો હોય, જાણી લે છે તું દીલથી મારા,
અંજાણુ નથી ત્હારેથી તે, કેમ છુપાવું તેને વારૂં?
"જેહાંબર"ની લેએ ભલા તું દાદ, કરે છે બસ ત્હારી યાદ,
દાઝ તેની તું હઇડે ધર, અરજ સુણુ ભલા ત્હેની વારૂં!

(૨૦)

જેઓ આ અવનીમાં માયા, મમતાનું જામ પીને પાતા'તા,
તેઓ ભલાઇના કામ કરી આખર હમને છોડી ગયા;
જગ્યા તેમની ખાલી પડી, તેપર કંઇકો બેસી ગયા,
તેમને તો મરહુમોને પગલે ચાલવાનું સુજતું નથી.

(૨૧)

ઓ, જગદીશ, આ હ્રદયમાં મુકયો છે પ્રેમને દયાનો ઝરો,
જે ઝરેફ છે દીન રાતને ઉભાય છે કોઇ સમો;
લાવ સાકી તે નીરમળ ઝરાનો પ્રેમ પ્યાલો પાઇ લેએ,
આ સમય વીતી જાય છે, જરા સોચ તું હવે!

(૨૨)

માલીક, અજબ છે ત્હારી ખુદરત, અજબ છે ત્હારી કારીગરી,
વળી બક્ષી છે ખુબસુર્તી ઓરત, મર્દોને તહમોએ કેવી?
સાધુ, સંત આગળ જો ઓરત આવે કો' સમયે,
તો તેના હ્રદયનો પ્રેમ ઝરો ઉભરી ચીત ચક ભમે.

(૨૩)

પ્રેમ તણી લાગણીથી તહમોએ આ વિશ્વ સરજાવી છે,
ને સર્વેને માયા, મમતામાં રહી ચાલવા ફરમાવ્યું છે;
પ્રેમ જો ન હતે તો એકમેકને ગણકારતે ન કો'ય,
ભાઇ, પ્રેમ વીના તો કુળ જગતમાં અંધકાર છે.

(૨૪)

જમશીદ, નૌશીરવાન, ફરીદુન, કઈખુશરો શાહ થઈ ગયા,
રાણી વીકટોર્યા, શેહનશાહ એડવર્ડ ૭માં, ને જ્યોર્જ પાંચમાંબી ગયાં;
એવો હકુમત આ વિશ્વની કરી, નામના મેળી ગયા;
તું કર એવું કાર્ય કે, રહી જાએ નામ આ જગમાં.

(૨૫)

પેગમ્બરોમાં સત જરથોસ્ત, હજરત મહમદ, મુસા,
ને, ક્રાઈસ્ટ સૌ,
પેગામ લાવી તે ખુદાનો નિતીનો બોધ દઈ ગયા;
યકીન રાખી તે કિરતારપર ચાલજો સાબેત કદમ,
કે હસ્તે મુખડે આપણે જઇએ, જ્યારે બંધ થાય દમ.

(૨૬)

ઓ જગદીશ, શું જમાનો આવ્યો છે આજ?
નથી ધરતા ફરઝંદો, બુઝોર્ગ મા-બાપની હઇડે દાઝ;
શાદી કરી કાંઇકો રેહવા લાગ્યા છે તેમનેથી જુદા,
ન કોઈ રીતની તેમને મદદ કરે, જાણે ભુલી ગયા ખુદા.

(૨૭)

કષ્ટ વેઠી, કેળવણી આપી, રળતા કર્યા માબાપે જ્યારે,
કાંઇકો ખોટું કેહણ સમજી, પડયા છે જુદા તેઓ અત્યારે.
પણ નથી સમજતા કે ફરઝંદો તેમનાબી મોટા થશે જ્યારે,
જો તેઓબી જુદા રેહશે, તો મા બાપનું સંકટ કેવું સમજશે ત્યારે?

(૨૮)

માલીક, તમોએ ઇન્સાનોપર નવાજેશ કેવી કીધી?
અકકળ ને હુશીઆરી તેઓને આ વિશ્વમાં દીધી;
વળી પેટ આપી, વેઠ કરવા આવે છે તે કામ,
પણ કોઇકે નાસ્તીકો કરે ઇશ્વિરને બદનામ.

(૨૯)

એ પેટનીજ વેઠ ખાતર માનવો કરે છે ધરફડી,
કોઈ તો શેઠાઈ કરે ને કોઈ કરે નોકરી;
કોઈ તો લુચ્ચાઈ ચોટટાઇમાં પોતાનું પેટ ભરે,
ને કોઈ તો ખુની, ફાંસ્યા, ને લુંટારાના કામ કરે.

(૩૦)

પણ જગદીશ તમો તો એ સર્વે અંતરથી જોયા કરો,
ભલો હોય કે ભુંડો, પણ તેનું તો તમો પેટ ભરો.
ફરોહરો તમારા આવે ને જાય આ વિશ્વમાં
નજર ન પડે તેઓ ઇન્સાનોની ચક્ષુમાં.

(૩૧)

રાખો છો તમો હમારા કાર્યનો હિસાબ ઘડી અને પળનો,
જે લખાતો જાય છે દીન રાત નિસ્તીમાંથી હસ્તિમાં;
વંચાશે તે ચાહરૂમની બામદાદે જ્યારે,
ખુલશે ભેદનો પડદો ઇન્સાનોની આંખનો ત્યારે.

(૩૨)

ઓ, યારો દિવસ પછી રાત વહી જાએ છે.
જેમ ભર્તી પછી ઓટનો સમો કંઈ થાએ છે;
તેમ સુખ પાછળ દુઃખ પણ માનવને આવે છે,
તો અફસોસ કરી, રડો છો તમો શાદને ?

(૩૩)

પણ ઇન્સાનોને ધીરજ ને સબુરી રેહ છે કયાં !
શંતોષ ને સબુરીની આ અવનીમાં કાંઈ ખોટ છે;
આ વિશ્વમાં સર્વ કોઈ "મારૂં, મારૂં કરે છે,"
પણ આપણું અહિં કાંઈ નથી, જે છે તે તેનુજ છે.

(૩૪)

પ્રભુએ મોકલાવ્યા છે મુશાફરી કરવા આ વિશ્વમાં,
આગળા અવતારનુ કાર્યક્રમ અહીં છે રીટાડવું;
ને આવતા ભવ માટે ખરીદીનો સોદો કરવા,
તું ભાઈ કાંઈ ખરીદી લે, વખત અનમોળ છે.

(૩૫)

ધન, દોલત ને માલ, ખજાનો નથી સાથે આવતો,
પણ આવશે સાથે સખાવત ને ભલાઈનું કામ;
જેણે જેવું કર્યું હશે, તેનો હિસાબ ત્યાં વંચાશે;
જશું જ્યારે આ ફાની જેહાંન છોડી હસ્તિમાં.

૨૨,૯૯૬

(૩૬)

પાંચ વખતની બંદગી કરવા માલીકનું ફરમાન છે,
પણ આ વિશ્વમાં આદમીઓ મોહ, માયામાં ગુલતાન છે;
વળી પેટની વેઠ કરવા, વખત તેમનો જાએ છે,
તેથી ખુદાની યાદ કરવા કાંઈકો પછાળ છે.

(૩૭)

માલીક, મને વખત એવો કાંઈ તું આપજે,
કે રહું બંદગીમાં મશગુલ ને સેવા કરૂં ત્હારી;
દીન, રાત ત્હારી સેવા કરૂં તોબી ઘણી થોડી છે,
ત્હારા ઉપકારમાં દબાયો છું હું ઘણો.

(૩૮)

ઓ, પ્રભુ! આ વિશ્વમાં કર્યે સેવા અનેક જનની હમે,
બસ તેઓ તો હમને સ્વાર્થની નજરે જોય છે;
પણ જો તહમારી સેવા દીન રાત કર્યે,
તો પરીણામ તેનું કાંઈ રૂડું હમોને મળે છે.

(૩૯)

ઓ, ભાઈ, ઉઠ હવે, અફસોસ તું શીદને કરે છે,
આ વિશ્વમાં તો લખ્યા લેખ પુરા કરવા છે;
તો દલગીર થઈ બેસવામાં સાર નથી,
એક મીઠડી મોહબતનું જામ તું હવે પી લેએ.

(૪૦)

એ મોહબતનું મીઠું જામ પીવાથી થશે તુંને કરાર,
ને ત્હારા દીલનું દુ:ખડું કાંઈબી દફે થશે;
રાત, દીન તું બસ રબની મોહબત ધર,
બે હાથ જોડી ગુઠણ્યે બેસી, નમાવ શીર તું કાંઈ.

(૪૧)

આ અવનીમાં માનવો નથી રાખતા એકમેકની શરમ,
બસ ખેંચે છે "પોતાની રોટલીપર ઈંગાર" હરદમ;
જાણે અમલપટો મળ્યો હોય તેવું તેઓ કરે છે,
પણ સમજી શકતા નથી કે સાથે શું લઈ જવું છે?

(૪૨)

ઓ, ખુદા! આ જીગર પસ્તાવાનો પોકાર કરે છે,
તે તો તમે "હરવેસ્પઆગાહ" સમજતાજ હશો;
આ વિશ્વનો હમારો પ્યાલો પુરો થવે ઓલાવશોજ,
તો આ અવનીનો હમારો ફેરો સફળ કરજો ત્હમે.

(૪૩)

દરેમેહરો, દેવલો, ને મસજીદો, એ બંદગીના સ્થાન છે,
ને ઘંટના અવાજો કાંઈ બંદગીની રીત છે;
કસ્તી અને તસ્બી, ને કાબા ને વળી, ક્રોસ એ,
સર્વે તે ખુદાની બંદગી કરવાની વિવીધ રીત છે.

(૪૪)

માલેક, ત્હારૂં મકાન તો નવમે આસ્માને છે,
ને દરવાજા તેના જુદા જુદા તમોએ કર્યા છે;
તેમજ સર્વે પાળે ધરમ ને રીતરીવાજ જુદા,
પણ આખરે તો ત્હારા-એકજ મકાને ભેગાં થવું છે.

(૪૫)

માલીક, હમારી રોજીના દરવાજા તું કાંઈ ખોલજે,
ત્હારી દયા વીના માનવીઓ મુફલેસીમાં ફરતા ફરે;
તેઓની દયા ત્હારા શીવાય આ વિશ્વમાં ખાએ કોણ?
જો હાથ ઓળવા જાય તો, રંજીદા થઈ પાછા ફરે.

(૪૬)

કાંઇકો આ અવનીમાં સખાવત કરી આપવાનું કહી ગયા,
પણ મુતવલીઓ તેના કોઈ એવા નેમાઈ ગયા;
કે મરનારની ખાહેશ મુજબ આપે નવ કોઇને,
માટે તમારી જીંદગી દરમ્યાન સખાવત કાંઈ કરી લો.

(૪૭)

ઓ, ખુદા! આ તમારા ફરમાન મુજબ વિશ્વ ફરે છે,
કેટલી સંભાળ તમો રાખો છો તે ફરે છે તે માટે?
પણ કોઈ કોઈ સમે ભુકંપ થઈ ફના થાય છે,
ને કો' સમે પહાડનો દર્યો બને, ને દર્યોમાં પહાડ થાય છે.

(૪૮)

આ વિશ્વમાં માનવો સખાવત કાંઈ જો કરે,
તો તે છાપામાં જાહેર કરવાની સૌ કો' હોંશ કરે;
તું તો ખરો સખાવતી શાહ બેઠો છે છુપી સખાવત કરી,
ને કર્યો જાય છે નિત્ય રોજ, વગર ધાંધલ કરવે.

(૪૯)

માલેક, આ વિશ્વને કેવી સુધારી વધારી દીધી ?
ને આદમીઓને અકકલ બક્ષો નવીન શોધો કરાવી;
જેમ જેમ નવીન શોધો માનવથી થાય છે,
તેમ તેમ તેનું મન ગર્વમાં પ્રફુલીત થાય છે.

(૫૦)

સોચ માનવી. ન રાખ ગર્વ. એ સૌ ત્હારૂં નથી.
જો અકકલ ઈશ્વરે તને આપી ન હતે તો તું શું કરતે?
આ જીવ, અને જાન, ને માલખજાનો, સર્વે તેનોજ છે.
ખાલી હાથે આવ્યા, ને ખાલી હાથ લઈ જવું છે.

(૫૧)

સખાવત, ભલી ભલાઈ, ને નેકી જો કરી હશે,
તો તેજ સાથે કામ આવશે તે મીનોઈમાં તમામ;
ભુડું ભલુ નામ રહી જશે, કંઈ આ વિશ્વમાં,
નેકી હશે તો રેહશું ત્યાં, નહિ તો પાછા ફરશું અહિ.

(૫૨)

માલીક તમો ગરીબોના બેલી થઈ સંકટો નીવાડજો,
આ હૃદયભેદક સંતાપ તેમનો જોઈ શકાતો નથી;
હમારી સેવા આપ્યે પણ તેમનું દુઃખ ટળતું નથી,
માટે રેહમભરી નજર તમારી તેમની પર ફેંકજો.

(૫૩)

આ વિશ્વમાં માનવો લોભ કરે રાય થવાને માટે,
ખેલે તેથી સટા, પંજા, રેશ ને જુગાર વળી;
કો' નશીબ અજમાવે સોટીમાં, ચીત રાખે એ સૌમાં ઘણું,
જ્યારે ખુવાર થઈ દેવું વધે, ત્યારે અપઘાતનું ભરે પગળું.

(૫૪)

એમ આત્માનો ઘાત કરવો, એ ઘણુંજ પાપ છે.
ધીક્કારે છે ઇશ્વિર, ને તેણે ત્યાં તે લેતો નથી;
આત્મા તેનો રેહ છે રખડતો ન હસ્તિમાં કે નિસ્તીમાં,
ત્યારેજ ભેદનો પડદો ખુલી જઈ, પસ્તાવો તે કરે છે.

(૫૫)

આ સુધારાના જમાનામાં કો' કોઇને ગણુકારતું નથી,
બસ ગર્વમાં જાતે રહે છે, અક્કલ કોઈની કો' લેતું નથી;
સમજે છે જાતેજ હુસ્યાર, હાર પોતાની કબુળતા નથી,
એમાંબી ભેદ હશે શું, કંઈ જગદીશ તહમારો ?

(૫૬)

વિધાતાએ લખ્યા લેખ હશે તે કોઈ ફીતાડશે નહિ,
કર્મમાં સુખ દુ:ખ હશે, તે કોઇ મીટાડશે નહિ.
પણ માનવ પોતાના સુખ કાજ કંઈ કંઈ કરે છે,
કહેતી છે કે "માનવ ધારે છે શું ને ખુદા કરે છે શું"?

(૫૭)

ઓ, પ્રભુ સંકટને સમય ધીરજ રાખવી કહેવાય છે,
પણ ધીરજ તે સમય આ હ્રદયમાં રહેતીજ નથી;
પણ વખત પોતાનુ કાર્ય કરતો જાય છે,
સીરે બેઠેલાંઓને તડકાનું ભાણુ રહેતું નથી.

(૫૮)

વળી આ ધંધા રોજગારમાં મંદીનો સમય ચાલે છે,
બેઠા છે ઘણાંકો નોકરી વગર, રોજી માટે ટવળે છે;
ધક્કા પછાડા નોકરી શોધવા કાજે અહિં તહિં ખાય છે,
પણ જ્યારે તે મળતી નથી, ત્યારે ઘણા અકળાય છે.

(૫૯)

હિંદુ, મુસલમાન, ક્રીશચનો પોતાની જાતને હાર પાડે છે,
જ્યારે પારસીઓમાં આગળના જેવી લાગણી રહી નથી;
લાખોના ફંડ છતાં, તેમની બેરોજગારી જતી નથી,
નાની કોમ છે એવોની, છતાં સખાવતમાં મશહુર છે.

(૬૦)

ઓ, માલીક! કાંઇકો રોજી વગર આત્મઘાત કરી ગયા,
કાંઇકો મોટા ને નાહના નાદાર થઈ બેસી ગયા;
જ્યાં ત્યાં બસ મંદીનો પવન બહુ ફુંકાય છે,
તો જગદીશ એક આબાદીનો સમો તું દેખાડી દેએ.

(૬૧)

આવા સમય માટેબી કાંઈ માલીકનો ભેદ હશે,
માનવોને કાંઈ શીખ તેથી તહમારે દેવી હશે;
પણ માનવો તો મોહ, માયામાં ગુલતાન છે,
તહમારી ખુદરતની કરામતનો વિચાર કરે છે કયાં?

(૬૨)

માલીક, જેમ ધોબી મેલ કાઢવા લુંગડાં ફરી ફરી ધોએ છે,
તેમ આ હૃદયના પાપનો પસ્તાવો કરવા ફરીથી અહીં આવવું છે;
સુખ દુઃખનો બોજો ઉપાડી, કર્ણીના કાયદા મુજબ ચાલવું છે,
નિસ્તીમાંથી હસ્તિમાં તમો સાથ એકતાન થવું છે.

(૬૩)

માલીક, એવો રૂડો દહાડો હમોને તું દેખાડજે,
કે આવી ઉભા રહયે હસ્તે ચેહેરે તહારે ચરણે;
તહમારી ખુદરતના કાર્યમાં મદદ કરવા હમો લાગ્યે,
રાહ જોઇએ છે કે ખુલશે કયારે હમારૂ તકદીર?

(૬૪)

જેમ મોબેદ "આતશબેહરામ"ને સુગંધ કાઢી મુકી જળતો તેને રાખે છે,
ને પાંચે ગેહની બંદગી કરી, ઘંટ નાદ કરે છે;
તેમ આ હૃદયનો આતશ તેજ રાખવા બંદગીની ખાસ જરૂર છે,
તે વીનાની જીંદગી તો એક સરમીંદગી ભરી છે.

(૬૫)

જેમ વીજલીક બટન દાબતાં હજારો બતી થાય છે,
તેમ ઇશ્વર પોતાની છુપી કળાથી લાખો જીવ પેદા કર્યો જાય છે;
વળી તે બટન ઉંચે કર્યાથી હજારો બતી બુજવાય છે,
તેમ માલીકના એકજ હુકમથી લાખો જીવો હસ્તિમાં જાય છે.

(૬૬)

માલીક, ધર્મના મકાનોમાં નરને નારો ભેગાં કો' સમે થાય છે,
કાંઇકો ભપકો કરી ઠાઠમાઠ દેખાડવાને આવે છે;
તો કાંઇકો એક બીજાની નિંદાઓ કંઈ કરે છે,
એવોમાંથી ખરી બંદગી કોણ કરે છે તે તો તું જુએ છે.

(૬૭)

અગર જર હોય તો દોસ્તો આ વિશ્વમાં બને છે ઘણાં,
કરે સલામો સર્વે કોઈ, બને છે ગુલામો તેઓ તણાં;
પણ જો ખીસાં ખાલી થયાં, તો મોંહ ફેરવી જાએ છે,
આ વિશ્વનો રંગઢંગ જોઈ "જેહાંબર" તું અકળાય છે.

(૬૮)

આ દુન્યા દોરંગી છે, અને ધર્મશાળા એને ગણો,
ઘડીનો ભરોસો નથી, ક્યારે આવશે મોતનો સમો?
એ વિશ્વ તેજ છે કે જ્યાં નૌશીરવાનને અકબર થઇ ગયા,
એતો કબર તેજ છે, જ્યાં લાખો ભલા ને ભુંડા સુઈ ગયા.

(૬૯)

આ જીંદગી છોડી આત્મા ત્હારો ક્યાંઈ જશે?
તેની તો તુંજને ખબર કાંઈ રેહશે નહિ.
પણ જે કાર્ય આ અવનીમાં તુંએ કર્યું હશે,
તેનું પરીણામ જોવું પડશે તુંજને ફરી કાંઈ,

(૭૦)

આ અવનીમાં કોઇને દુઃખી ના કરશો કોઈ દીન,
ગુસ્સાના જવાળાથી ન બાળશો કો' ને કો' દીન.
ઉપજે ખીજવાટ કોઈ રીતે તો ઠંડુ પાણી પી લેજો,
દુઃખી થજો, પણ દુઃખી ના કરશો કો' ને કો' દીન.

(૭૧)

"જેહાંબર" તારા પાપ માટે દલગીરી તું શીદને ધરે?
દલગીર થવાથી શું વધારે ખોટ હાંસલ છે તુંજને?
પાપ જેણે કર્યું નથી, તેણે રેહમપર હકક નથી,
ભાઈ રેહમ પાપીઓને કાજ છે એવું સમજી લેજો.

(૭૨)

ઇશ્વિરના કાર્યનો કો' ભેદ જાણનાર નથી,
ને આ જીંદગીના ભેદનો કો' માનવી ભેદુ નથી;
અહિ પેટની વેઠ વીના બીજું કાંઈ કામ નથી,
માટે કરી લો ભલાઈ જેટલી થાય તેટલી તમે.

(૭૩)

સંસારના સંતાપથી અફસોસ તું શીદને કરે ?
ને આંખમાંથી આંસુની ધારા નાખી શીદને રડે ?
આ વ્યર્થ આફતને લીધે જીંદગી બુરી લાગે કંઈ!
તો ઇશ્વિરને દીલથી યાદ કરી બંદગી કરજે તું કંઈ.

(૭૪)

ઇન્સાનમાં જે જે બુરાઇ ને ભલાઈ ઘડાઈ છે,
જે જે ગમીને શાદમાની કર્મે એ લખાઈ છે;
તેને તું આગળી કર્ણીનું પરીણામ લેખજે,
કાર્ય એવું કાંઇ કરજે કે પાછું આવવું ન પડે અહિં.

(૭૫)

જેનું જીગર સચ્ચાઈ ને પાપથી નીરાળું છે,
તે જીંદગીની એક પળબી નકામા ગાળતો નથી;
તે તો ખુદાની મેહર માટે સદા બંદગીમાં મથે છે;
ત્યારે તેનું જીવન આ વિશ્વમાં સફળ થાએ છે.

(૭૬)

આ જગતમાં તું ભાઈ ચેતીનેજ ચાલજે,
તું સોચજે ભાઈ, જમાનાની કટારી તીક્ષણ છે;
તુંજ કાર્યમાં લોભ, લાલચ જમાનો નાખે જો,
તો સંભાળજે, ઠગાતો ના, ઝેર એમાં ભર્યું છે.

(૭૭)

જેના જીગરમાં પ્રેમ નહિ, તે તો હેવાન સમાન છે,
પણ હેવાનમાંબી ઇશ્વિરે પ્રેમ ઝરો મુકયો છે;
કુળ માનવ, પશુ, પક્ષીઓ, એ પ્રેમનીજ હસ્તિ છે,
ભાઈ, તું મોહબતનું જામ પી લે, પ્રેમનીજ મસ્તિ છે.

(૭૮)

માલીકના હુકમ વીના કોઇબી ચીજ બનતી નથી,
આ જીંદગીબી તેના હુકમ વીના પેદા થઈ નથી;
જે જે ચીજો મોજુદ છે, તે સર્વે તેનુંજ છે,
કોઈ ચીજ એવી ન હશે કે તેની હસ્તી ના હશે.

(૭૮)

શત્રુ ને મીત્રો સાથે તો ભલાઈ કરવી ઠીક છે,
જેનો સ્વભાવ ભલાઈ છે, તે બુરાઈ કદી કરતો નથી,
તું કોઈ સાથે બુરાઈ કરી, બનાવતો ના શત્રુ,
તું કરજે ભલાઈ શત્રુ સાથે તો દોસ્ત ત્હારો થશે.

(૮૦)

પણ તે છતાં શત્રુ રાખે તુંજ સાથ કપટ ઘણું,
તો તેણે પ્રેમના પાણીથી ધોયા વીના છુટકો નથી;
મુંઝાતો ના તું દીલ સાથ, આપ લેની છુટ મુકતો રહેજે.
ને આ વિશ્વમાં મોહબતનું જામ તું પીતો રેહજે.

(૮૧)

આ જીંદગીમાં અનેક પળો આશા નિરાશાની ગઈ,
ને ખાનગી આ અવનીની સમજ્યા વગર રહી ગઈ;
અનુભવ મેળવી આ વિશ્વને જોવું છું હર જગે,
તો આ જીંદગાની વહી ગઈ, તેની ખબર પણ ના પડી.

(૮૨)

જે આદમીને પાપ કરવું છે તે ડર ખુદાનો રાખે નહિ,
હૃદય તેનું કઠણ હોય, તેજ એવું કાર્ય કરે;
પણ જેના જીગરમાં દયાની લાગણી છે તે તો બીહતો ફરે,
નેકીને સખાવતના કામો તે તો કર્યો જાએ છે કંઈ.

(૮૩)

જગતની હસ્તિ હશે ને આપણે તો ચાલ્યા જશું,
ને આપણી નામનીશાન જવા પછી ભુલાઈ જશે;
એ પહેલાં આપણી હસ્તિનો ખ્યાલ ન હતો,
ને હવે પછી પણ આપણે હોઈશું નહિ પણ જગત હશે.

(૮૪)

આ અવનીમાં કોઇને આનંદ ને કો' ને દુઃખ હોય છે
કોઈ વસ્ત્રમાં સુખી ને કોઇને અન વસ્ત્ર ને ટળવળતાં રહે છે;
દાના પુરૂષોની નજરમાં આ હાલત મુશ્કેલ નથી,
સૌને મરી જવું છે તો એ હાલત પણ શુક છે.

(૮૫)

સંસારની જંજાળમાં તું કંઈ સંતોષથી તો રેહજે,
સારી નઠારી જો હોય દશા તો શાંતીથી વેઠજે;
હૃદય ત્હારૂં તું નીરમળ ઝરા મીશાલ તું રાખજે,
એ સમયબી વીતી જશે, ને આવશે દીન રૂડો.

(૮૬)

આ દીલ મ્હારૂં મોતથી ડરી જાય તેવું નથી,
ને આ જીંદગીની બીક કરતાં એતો છે મ્હને વ્હાલું;
આ માલીકે જીંદગી મારી ઉછીકી મુજને આપી છે,
મુદત પુરી થશે, ત્યારે આપીશ હું તે માલીકને.

(૮૭)

અફસોસ છે કે મારા બધાં સગાં સ્નેહીઓ ચાલી ગયા,
ને જમડાના કરૂર પંજામાં સર્વે કોઈ ફસાઈ ગયા;
આ જીંદગીની જાળમાં સૌ વખ્તને આધીન હતા,
તેઓ કાંઈ એક પછી એક મુજની નજર આગળથી ગયા.

(૮૮)

માલીક, તું તો જગતના માનવીની નજરે પડતો નથી,
પણ તું તો આ વિશ્વમાં ફીરેસ્તાઓ સાથ આવે ને જાય છે;
જેઓ જેઓ અંતરથી ભલા અને નેકજ છે,
તેઓ તેઓને તું તારા દીર્ઘ દર્શન કંઈ દે છે.

(૮૯)

માનવીઓની નજરમાં પડતા નથી તેમાંબી ત્હમારો ભેદ છે,
જો નજરે પડો તેમની તો કાયર કરે તેઓ તમને ઘણાં;
તેથી ત્હમારાં નેક ને પવિત્ર કાર્યોમાં કાંઈ ખળળ પડે,
માટે ત્હમોએ જે કર્યું છે બધું, તે સર્વેમાં સર્વે નેક છે.

(૯૦)

વખત પોતાનું નિર્માણુ કરેલું કાર્યો કરતો જાય છે,
ને સુર્ય, ચંદ્ર, તારા ને કુળ ખુદરત પોતાનું કાર્ય કરે છે;
વળી તેઓ કોઇનેબી માટે થોભાવેલા થોભતા નથી,
અને આ વિશ્વમાં માનવોનો આવ જાવ નિત્ય થાય છે.

(૯૧)

માલીક, તું મુજને સુખમાં, દુઃખમાં, ખુશી ને ગમીમાં,
સહાય થજો મુજને તમો સદા આ વિશ્વમાં,
તમો શીવાય મુજને કોઇનોબી આધાર નથી;
રાખજો ત્હમે મુજને બસ મશગુળ ત્હમારી બંદગીમાં.

(૯૨)

રંકને ત્યાં જે આત્મા રહયો તેણે જોયું દુઃખનું ધામ,
ધીરજ રાખી સદા કરતો બંદગી, ને સખાવતનું કામ;
આગળા ભવનું લેહણું દેવું વસુળ છે, તેને કરવાનું,
ને આવતા ભવની તૈયારી કરી, પછી છે ત્યાં જવાનું.

(૯૩)

રાયને ત્યાં જે આત્મા હતો તે આનંદમાં દી' ગાળતો,
સુખ ચૈન્યમાં મચ્યો રહયો, ના ઇશ્વિરને તે ભાળતો;
કોઈ સમય કોઈ દુઃખી માંગવા આવે તેને બારણે,
તો ધમકાવી કાઢી મુકતો વગર તે કારણે.

(૯૪)

વૈભીચાર કરવા લાગ્યો તે જરના જોરથી ઘણો,
ન સમજે કોઇનું કદી, બસ દીન રાત શરાબ પીંચતો;
રેશ, જુગાર ને સટા પંજામાં બસ લગાડયું તેણે ધ્યાન,
ખર્ચી ખુટી, દેહનો દુઃખી થયો, ત્યારે ખુલ્યું ભાન.

(૯૫)

જીગરથી પસ્તાવો કરી બોલવા લાગ્યો તે યાર,
"ખુદાયા હું થયો છું ત્હારો બંદો ઘણો ગુનેહગાર;
માફ કરો ગુનાહ ને તકસીર થયો હોય મ્હારો જે,"
એવું બોલી તેણે છોડયો આ વિશ્વમાંથી પોતાનો દેહ.

(૯૬)

વળી આ જગતમાં કાંઇકો અદેખાઈ ને નિંદાઓ કરે છે,
ને કોઇનું કાંઈ ભલું થતું હોય તો તેઓ દેખી શકતા નથી;
બસ પોતાની મતલબનું એકતર્ફી તેઓ જુવે છે,
સારો રસ્તો તેઓને તો કાંઈ સુજતો નથી.

(૯૭)

પણ એ સઘળું તે પરમાત્મા ધીરજથી જુવે છે,
ને તેઓને નિંદા ને અદેખાઇમાં ફાવવા દે છે ઘણું;
પછી છુપો ફટકો તેઓને તે મારે છે કંઈ એવો,
કે જન્મ સુધી યાદગાર તેઓને તે રહી જાએ છે.

(૯૮)

આ મંદીના સમય છતાં કરી છે તમે પેદાયસો જગે જગે,
જે વેચાય છે મોંઘી ને સોંઘી કંઈ ચૌટે ને હાટે;
જેઓ પાસે જર છે, તેઓ ખરીદી આનંદ કરે છે,
પણ જેઓ પાસ ખર્ચી નથી, તેઓ તો શાંતીથી બેસે છે.

(૯૯)

માલીક, એ સર્વે ત્હારી ખુદરતની કરામતના પ્રતાપ છે,
આભાર માનું છું હું ત્હારો આ વિશ્વમાં મુજ જન્મનો;
"જેહાંબર" ત્હારા ઉપકારના ભારમાં દબાયો છે ઘણો,
ઉમેદો ભલી જે હોય તે, તેની પાર પાડજો ત્હમો.

સમાપ્ત

મુદ્રક.

શેઠ દીનશાહ શાપુરજી મસાની બી. એ., "ફ્રશો-ગર્દ" પ્રીન્ટીંગ પ્રેસ,

૧૯, બેંક સ્ટ્રીટ ક્રોસ લેન, કોટ-મુંબઈ.

પ્રકાશક.

જેહાંગીર બરજોરજી સોહરાબજી છાપગર બોટવાલા બીલડીંગ, નં. ૭-૧૦,

એલફીન્સટન સરકલ, કોટ-મુંબઈ.